# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'જીએસટી કાયદા હેઠળ એચ.એસ.એન.નું કલાસિફિકેશન કેવી રીતે કરવું?' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૪ મે, ૨૦૨૧ના રોજ 'જીએસટી કાયદા હેઠળ એચ.એસ.એન.નું કલાસિફિકેશન કેવી રીતે કરવુ?' તે વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદના લક્ષ્મીકુમારન એન્ડ શ્રીધરનના એકઝીકયુટીવ પાર્ટનર આનંદ નૈનાવટીએ પ્રોફેશનલ્સ તેમજ ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

આનંદ નૈનાવટી દ્વારા ડાયમંડ સેકટર, ટેકસટાઇલ સેકટર, ઓટોમોબાઇલ સેકટર, મેડીસીન સેકટર, બેવરેજીસ તેમજ જુદી–જુદી ચીજવસ્તુઓ ઉપર જીએસટી કાયદા હેઠળ એચ.એસ.એન.નું કલાસિફિકેશન કેવી રીતે કરવામાં આવે છે તે અંગે પ્રેઝન્ટેશન સાથે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ વેબિનારમાં ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશન, ધી સધર્ન ગુજરાત કોમર્શિયલ ટેકસ બાર એસોસીએશન, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસીએશન– સુરત, સોસાયટી ફોર ટેકસ એનાલિસિસ એન્ડ રિસર્ચ અને ધી નવસારી ડિસ્ટ્રીકટ સેલ્સ ટેકસ એન્ડ પ્રેકટીશનર્સ એસોસીએશનના હોદ્દેદારો અને સભ્યો જોડાયા હતા.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન રોહન દેસાઇએ વકતાનો પરિચય આપી વેબિનારનું સમગ્ર સંચાલન કર્યુ હતું. જીએસટી કમિટીના ચેરમેન પ્રશાંત શાહે સવાલોનું સંચાલન કર્યુ હતું. જ્યારે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશનના પ્રેસિડેન્ટ એડવોકેટ અનિલ શાહે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું. ચેમ્બરની જીએસટી કમિટીના સભ્ય દિપેશ શાકવાલાએ વેબિનારને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપ્યું હતું.